## 1. હક એટલે શું ?

- વ્યક્તિમાત્રને પોતાની વ્યક્તિત્વના વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે જે જરૂરી સંજોગો અને પરિસ્થિતિઓ હોવી જોઈએ તેને હકો તરીકે ઓળખવામાં આવે છે. પ્રો. લાસ્કાના મતે, ''મનુષ્યમાં જે કોઈ શ્રેષ્ઠ છે. તેનો વિકાસ કરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ એટલે હકો.''

## 2. નાગરિકનો અર્થ સમજાવો.

- નાગરિક એટલે રાજકીય સમુદાયનો સભ્ય, વર્તમાન સમય સારા નાગરિક પાસે નીચેની કેટલીક અપેક્ષાઓ હોય છે જે કે, તે સ્વતંત્રતા ભોગવતો હોય અને પોતે અથવા તો પોતાના પ્રતિનિધિઓ દ્વારા કાયદાઓનું ઘડતર કરવામાં મદદરૂપ બનતા હોય અને કાયદાનું પાલન પણ કરતા હોય. જરૂર પડે ત્યાં લોકશાહી ઢબે વિરોધ કરીને પોતાના અધિકારોનો ઉપયોગ કરતો હોય.

## 3. નાગરિક્તા એટલે શું ?

- નાગરિક્તા એ જે તે દેશના બંધારણમાં દેશવિલ અથવા પરંપરાથી સ્વીકૃત અધિકારો અને ફરજો વ્યક્તિને અપાતો કાયદાકીય દરજ્જો છે. સામાન્ય રીતે વ્યક્તિનો જન્મ જે દેશમાં થાય તે દેશમાં તે આપોઆપ નાગરિક્તા પ્રાપ્ત કરે છે. નાગરિક્તા સાથે જ વ્યક્તિ જે તે દેશને વફાદાર રહેવા અને કાયદાઓનું પાલન કરવા બંધાયેલો હોય છે. જયારે રાજય કે રાષ્ટ્રની જવાબદારી બને છે કે તે પોતાના પ્રત્યેક નાગરિકના રક્ષણ, સુખાકારી અને હિતોને ધ્યાનમાં રાખે . ભારતીય બંધારણમાં અપવાદરૂપ કિસ્સાઓમાં બેવડું નાગરિત્વ મંજૂર કરેલ છે.

## 4. નાગરિક કયાં કારણોસર નાગરિક્તા ગુમાવે ?

- સામાન્ય રીતે નીચેના કારણોસર નાગરિક પોતાની નાગરિક્તા ગુમાવે છે.
  (1) દેશદ્રોહના ગુના માટે સજા થાય ત્યારે. (2) પોતાના દેશનું નાગરિકત્વ પરત કરી અન્ય કોઈ દેશનું નાગરિકત્વ સ્વીકારે ત્યારે. (3) અન્ય દેશના વ્યક્તિ સાથે લગ્ન કરી પોતના દેશનું નાગરિકત્વ ગુમાવે છે.

## 5. O.C.L (ઓવરસિઝ સિટિઝનશિપ ઓફ ઈન્ડિયા) શું છે?

- ભારતીય બંધારણમાં એક જ નાગરિક્તાની જોગવાઈ છે. પરંતુ 2005ના નાગરિક્તા ધારા 1995માં સુધારો કરી ''ઓવરસિઝ સિટિઝનશિપ ઓફ ઈન્ડિયા'' (OCI) નામનો કાયદો અમલમાં મૂકાયો. આ કાયદા હેઠળ અન્ય દેશની નાગરિક્તા ધરાવતો મુળભારતીય ભારતમાં પણ કેટલાક અધિકારો ભોગવી શકે છે. ભારતમાં ડોકટર, ડેન્ટિર, નર્સ, વકીલાત, ફાર્માસિસ્ટ કે આર્કિટેક્ટ જેવા વ્યવસાયો કરી શકે છે. કેટલાક રાજકીય અધિકારો અને સમાનતાનો અધિકાર OCI મળતા નથી.